# કલોલના પ્રશ્નો અંગે સંકલન સમિતિની બેઠકમાં બળદેવજીનો રોષ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં નગરપાલિકાના એક મોટા પ્લોટ પર ગેરકાયદે કબ્જો જમાવવામાં આવ્યાની ફરિયાદ જિલ્લાની ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકમાં કોંગીના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે કરી છે.

જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે મળેલી આ બેઠકમાં ધારાસભ્યશ્રીએ રહેણાંક વિસ્તારોના ભૂગર્ભમાંથી પસાર થતી ઓ.એન.જી.સી. સહિતની કેટલીક પાઈપલાઈનોથી વસાહતીમાં ઉભી થયેલી ભયની લાગણીનો મુદો પણ રજુ કર્યો હતો.

તેમણે કલોલ પંથકમા કેટલીક સરકારી જગ્યા, ગૌચરની જગ્યાઓ તેમજ પડતર જમીનો પર ગેરકાયદે કબ્જો જમાવવાની અને તેનુ પ્લોટીંગ કરી વેચાણ કરવાની વધતી જતી પ્રવૃત્તિને નાથવા તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માંગ કરી હતી.

જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિમાં ૪૫ મિનિટથી પણ વધુ સમય સુધી તેમણે કલોલ તાલુકાના વણઉકલ્યા પ્રશ્નો અંગે ઉગ્ર રજુઆતો કરી હતી.

જિલ્લા કલેકટરશ્રીએ પ્રશ્નોના સંદર્ભમાં જરૂરી તપાસ કરી અને ઘટતી કાર્યવાહી કરવાની હૈયાધારણ પણ આપી હતી. જાસપુર-પલસાણા રોડનું રિપેરીંગ કામ પણ ઝડપથી હાથ ધરવા માટે ધારાસભ્યશ્રીએ રજુઆત કરી હતી.



## ચિલોડા પંથકમાં બટાકાના વાવેતરમાં ખેડૂતો વ્યસ્ત

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં ચિલોડા, ઈસનપુર મોટા, મગોડી, શિવપુરકંપા તથા દહેગામ વિસ્તારના ગામોમાં મોટાપાયે શિયાળુ રવી સિઝનમાં ઘઉં તથા બટાકાનું વાવેતર થઈ રહ્યું છે. જ્યારે મોટા ભાગના ખેડૂતો દ્વારા બટાકાના વાવેતરમાં મશગુલ બન્યા છે. હાલમાં ચિલોડા પંથકમાં બટાકાના બિયારણમાં પુખરાજ, એલ.આર. લોકર, બાદશાહની પસંદગી પ્રમાણે વાવેતર કરી રહ્યા છે. હાલમાં ખેતરોમાં ખેડૂતો બટકાની વાવણીમાં ખેડ, ખાતર, પાણી તથા બિયારણ માટે ખર્ચ કરી વાવેતરમાં વ્યસ્ત બન્યા છે. ખેડૂતના જણાવ્યા પ્રમાણે એક વીંઘામાં ૫૦ કિલો પ્રમાણે ૧૨ થી ૧૩ કટ્ટાનું બિયારણનો ઉપયોગ થતાં એક કટ્ટાના બિયારણનો ભાવ ૧૫૦૦થી ૧૬૦૦ પ્રમાણે હાલ ૧૫ થી ૨૦ હજારનો ખર્ચ કરી વાવેતરની તડામાર તૈયારી કરી વ્યક્ત બન્યા છે.

# ભાજપ-આરએસએસના વડા કોઈ મુસ્લિમને બનાવીને બતાવો : શંકરસિંહ વાઘેલા

ગાંધીનગર,તા.૧૮

ગુજરાત ભૂતપૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ આજે સુરતની મુલાકાત દરમ્યાન એક તબક્કે વડાપ્રધાન મોદી પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે,પીએમ મોદીએ એક સભામાં કહ્યું હતું કે, કોંગ્રેસ પોતાના પક્ષના પ્રમુખ પદે ગાંધી પરિવારના સભ્ય સિવાય કોઈ અન્યને પદ આપે તો, વાઘેલાએ મોદી પાસે તેનો જવાબ માંગતા જણાવ્યું હતું કે, ભાજપ પોતાના અધ્યક્ષ અને સંઘ પોતાનો વડો કોઈ મુસલમાનને બનાવીને બતાવે. વાઘેલાએ મોદીને આ મતલબનો સીધો પડકાર ફેંકતા ફરી એકવાર ગુજરાતનું રાજકારણ ગરમાયું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પાંચ રાજ્યોમાં વિધાન સભાની ચૂંટણી માટે પ્રચાર કરી રહ્યા છે તે દરમ્યાન પીએમ મોદીએ એક સભામાં કોંગ્રેસ ઉપર આકરા પ્રહાર કર્યા હતા. પીએમ મોદીએ કોંગ્રેસને પડકાર આપતા કહ્યું હતું કે, કોંગ્રેસ ગાંધી પરિવારના સભ્યને છોડી કોઈ અન્યને પક્ષ પ્રમુખ બનાવીને બતાવે. પીએમ મોદીના આ નિવેદનને આજે શંકરસિંહ વાઘેલાએ સુરતમાં મોદીને સીધો પડકાર ફેંકતા જણાવ્યું હતું કે, પીએમ મોદી અને ભાજપ પોતાના નવા કાર્યાલયમાં પક્ષના અધ્યક્ષની ખુરશી પર મુસ્લિમ વ્યકિતને બેસાડે. સાથે સંઘ પણ પોતાના પ્રમુખ મુસ્લિમ વ્યકિતને બનાવે. શંકરસિંહ વાઘેલાને પૂછવામાં આવ્યું કે, તેઓ કોંગ્રેસ સાથે છે કે માત્ર પીએમને હરાવવા માંગે છે તો વાઘેલાએ જણાવ્યું હતું કે, હું એક વર્ષમાં નવ રાજ્યોમાં મુસાફરી કરી છે.જે દરમિયાન લોકો જણાવી રહ્યા છે કે, અમારો તો વિકાસ થયો જ નથી. હું ભાજપને હરાવવા માટે બધું જ કરવા તૈયાર છું. કોંગ્રેસ ઉપર વંશવાદના ભાજપ દ્વારા થઈ રહેલા આક્ષેપોના બળતા વિવાદમાં ઘી હોમતા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ ભાજપ અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘમાં પણ વંશવાદ તોડી મુસ્લિમને વડા બનાવવાનો પડકાર ફેંક્યો હતો. વાઘેલાએ જણાવ્યું કે, કોંગ્રેસ અને ગાંધી પરિવારની વાતો થતી હોય ત્યારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પદે અને સંઘના નાગપુર ખાતેના રેશમબાગમાં વડા તરીકે ભાગવતને બદલે મુસ્લિમને વડા બનાવવાની વાત છેડી હતી. સંઘમાં લઘુમતી શાખા છે જ ત્યારે અંદરથી શા માટે મુસ્લિમ સભ્યને વડા બનાવાતા નથી એવો પ્રશ્ન કરી તેમણે નવા વિવાદનો મધપૂડો છંછેડયો હતો. આ સાથે જ આવનારી લોકસભા ચૂંટણી પૂર્વે શરદ પવારના એન.સી.પી.માં જોડાવા કે, ચૂંટણી લડવા સંદર્ભે વાઘેલાએ જણાવ્યું હતું કે, તેમણે કોઈ નિર્ણય કર્યો નથી. પરંતુ તેઓ એન્ટિ-ભાજપ

● અનુસંફાન પાના - ૭ પર

## આજે અછતગ્રસ્ત કચ્છમાં જઈને મુખ્યમંત્રી સમીક્ષા કરશે

ગાંધીનગર,તા.૧૮

મુખ્યમંત્રી વિજય રૂપાણી અછતગ્રસ્ત કચ્છ જિલ્લાની સોમવારે ૧૯ નવેમ્બરે એક દિવસીય મુલાકાત લેશે. વિજય રૂપાણી આવતી કાલે સવારે કચ્છ પહોંચીને ભુજીયા ડુંગર પર નિર્માણાધિન સ્મૃતિવનની મુલાકાત લેશે અને કામગીરીની સમીક્ષા હાથ ધરશે. મુખ્યમંત્રી બપોરે ૧૨ વાગ્યે માધાપર ગૌ સંરક્ષણ સંસ્થાનની ગૌશાળા પાંજરાપોળની માધાપર ખાતે મુલાકાત લેવાના છે. તેઓ બપોરે ૧૨.૪૫ વાગ્યે ભુજ પહોંચીને જિલ્લાના અધિકારીઓ સાથે અછત તેમજ પાણીની સ્થિતિની સમીક્ષા કરી સ્થિતિનો ક્યાસ મેળવશે. વિજય રૂપાણી સાંજે ગાંધીનગર પરત આવશે.

## શેરથાનો વોન્ટેડ બુટલેગર એસઓજીના હાથે ઝડપાયો

ગાંધીનગર, તા.૧૮

અમદાવાદનાં સાબરમતી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહીબિશનના ગુનામાં ઘણા સમયથી નાસતા ફરતાં શેરથાનાં બુટલેગરને ગાંધીનગર એસઓજીની ટીમે ઝડપી પાડ્યો છે. ઈન્ચાર્જ પીઆઈ જે. આર. કરોતરાની ટીમના એએસઆઈ જયંતીભાઈ, હેડ કોન્સ્ટેબલ રાજેશકુમાર તથા હિતેન્દ્રસિંહને બાતમી મળી હતી કે સાબરમતી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં નાસતો ફરતો શેરથાનો આરોપી વિજય અરજણજી ઠાકોર ગાંધીનગર આવવાનો છે. આ બાતમીના આધારે એસઓજીની ટીમે શનિવારે બપોરે આરોપીને ગાંધીનગર એસટી બસ સ્ટેન્ડ નજીકથી ઝડપી પાડયો હતો અને સાબરમતી પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી હતી.

# ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિમાં ચાર વર્ષમાં ૩૯૦ પ્રશ્નો ધારાસભ્યોએ રજુ કર્યા

ગાંધીનગર, તા. ૧૮

જિલ્લાની ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકોમાં છેલ્લા ચાર વર્ષ દરમ્યાન કેટલા રજુ થયેલા પ્રશ્નો અંગે બળદેવજી ઠાકોરે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં તંત્રએ જણાવ્યુ છે કે ચાર વર્ષમાં ૩૯૦ પ્રશ્નો સંકલન સમિતિમાં રજુ થયા છે.

રજુ થયેલા આ પ્રશ્નો પૈકી ૩૮૬ પ્રશ્નોનો નિકાલ કરવામાં આવેલ છે. જયારે ૪ પ્રશ્નો વહીવટીય કારણોસર કાર્યવાહી ચાલી રહી હોવાથી નિકાલમાં પડતર છે.

છેલ્લી સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક બાદ કોંગ્રેસના સભ્યોએ પ્રશ્નોનો નિકાલ નહિ થતો હોવાની રજુઆતો કરી હતી જેના પ્રત્યુત્તરમાં તંત્રએ પણ આ બધી જ વિગતો સાથે પ્રત્યુત્તર આપ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦૧૮ના વર્ષમાં સંકલન સમિતિમાં ૭૦ જેટલા પ્રશ્નો રજુ થયા છે જે પૈકી ૬૭ પ્રશ્નોનો નિકાલ કરવામાં આવ્યો છે અને માત્ર ૩ પ્રશ્નો વહીવટીય કારણોસર કાર્યવાહી હેઠળ છે.

૨૦૧૮ના વર્ષમાં જુલાઈ માસની સંકલન સમિતિમાં ૨૫ પ્રશ્નો રજુ થયા હતા જયારે સપ્ટેમ્બરની સંકલન સમિતિમાં ૧૨ પ્રશ્નો રજુ થયા હતા. આ સિવાયની બેઠકોમાં બે આંકડા કરતાં ઓછા પ્રશ્નો રજુ થયા છે.

જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક દર મહિનાના ત્રીજા શનિવારે મળતી હોય છે. જેમાં ધારાસભ્યો દ્વારા પ્રજાના પ્રશ્નો અને પડતી હાડમારીઓ અંગે રજુઆતો કરતા હોય છે. જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે આ બેઠક મળતી હોય છે તેમાં તંત્રને જરૂરી માર્ગદર્શન સાથે સભ્યોની રજુઆતો અને પ્રશ્નોનો સમય મર્યાદામાં નિકાલ કરવા માટેની સૂચનાઓ આપવામાં આવતી હોય છે.

# અગોરા મોલ પાસે કારના કાચ તોડી લેપટોપ ચોરી જનાર ગઠિયા ઝડપાયા

### અડાલજ પોલીસે ગણતરીના કલાકોમાં ચોરીના મુદ્દામાલ સાથે બે આરોપીઓને દબોચી લીધા : તપોવન સર્કલ પાસે પોલીસને જોઈને ભાગ્યા હતા

ગાંધીનગર, તા. ૧૮

અડાલજ પોલીસે અગોરા મોલ પાસે પાર્કિંગમાં પડેલા વાહનોના કાચ તોડીને તેમાથી



કિંમતી મુદ્દામાલની ચોરી કરતી ગેંગના બે સાગરીતોને ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે. રીક્ષામાં જતા બંને ગઠિયાઓ પોલીસને જોઈને ભાગ્યા હતા. તેમનો પીછો કરીને પોલીસે તેમને ચોરીના એક લેપટોપ સાથે ઝડપી પાડી સઘન પુછતાછ શરુ કરી છે.

અડાલજ પોલીસ મથકના પીઆઈ જે. જી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોર્ડના પીએસઆઈ એનુરકાર તથા હેડ કોન્સ્ટેબલ કેવલસિંહ, પોલીસ કોન્સ્ટેબલ આશિષસિંહ અને મનીષસિંહ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન તેમને કારનાં કાચ તોડીને ચોરી કરતી ગેંગ અંગે બાતમી મળી હતી. કેટલાક શખ્સો કોબા નજીક બીલ વગરનું લેપટોપ વેચવા ફરતા હોવાની બાતમીના આધારે અડાલજ પોલીસની આ ટીમ તપોવન સર્કલ ખાતે વોચમાં ગોઠવાઈ ગઈ હતી. દરમ્યાન બાતમીવાળા સાગરીતો રીક્ષા નંબર- જીજે ૦૧ ટીબી ૦૫૧૪માં ત્યાંથી નીકળ્યા હતા. પોલીસને જોઈ એ રીક્ષા લઈ ભાગેલા બંને શખ્સોને પોલીસે પીછો કરીને સુઘડ ગામના બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી પાડયા હતા. પોલીસે રીક્ષામાંથી નરોડાના મફતનગર ખાતે રહેતા વિરેન્દ્ર શુશીલભાઈ શર્મા અને રબારીવાસ કુબેરનગર ખાતે રહેતા અજય કાલીચરણ કુશવાહને પકડી તેમની તલાશી લીધી હતી. તેમની પાસેથી ૨૦ હજારની કિંમતનું લેપટોપ અને ૫૦ હજારની રીક્ષા મળી કુલ ૭૦ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. અગોરા મોલ સામેથી કારનો કાચ તોડીને લેપટોપ ચોરી થઈ હતી તે ઉપરાંત અન્ય બે કારના કાચ તોડયા હતા તે આ જ ગેંગ હોવાનુ ખુલ્યુ છે. ફરિયાદના મળ્યાના ગણતરીના કલાકમાં પોલીસે આરોપીઓને દબોચી લઈને તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી સઘન પુછપરછ આરંભી છે.

## મગફળી ખરીદીમાં કઈ ખોટુ ન થાય તેવી વ્યવસ્થા કરાઈ

ગાંધીનગર,તા.૧૮

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યમાં ખેડૂતોની મગફળીના ટેકાના ભાવે ખરીદીમાં એક ટકો પણ ખોટું કે ગેરરીતિ ન થાય તે માટેની સંપૂર્ણ પારદર્શી વ્યવસ્થા સરકારે ગોઠવી છે તેમ સ્પષ્ટપણે જણાવ્યું છે. મુખ્યમંત્રીએ કહ્યું કે ક્યાંય કોઈ ખોટું ન થાય ખેડૂતોને પણ કોઈ તકલીફ ન પડે તે રીતે વીડિયો શૂટિંગ, ગુણવત્તા ચકાસણી વગેરેની પૂરતી ચોકસાઈ અને વ્યવસ્થા સરકારે રાખી છે. તેમણે ઉમેર્યું કે, આ વર્ષે નાગરિક પુરવઠા નિગમને મગફળી ખરીદીની જવાબદારી સોંપી છે એટલું જ નહી એપીએમસીમાં પણ કોઈ ખેડૂતનો સમય ન બગડે અને ગુણવત્તાની તેમજ વજન તોલ માપ વગેરેની પણ ચોકસાઈ રાખવામાં આવે છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, કલેક્ટર, નાફેડ, પુરવઠા નિગમ, વેર હાઉસિંગ એમ બધા સાથે સામુહિક રીતે મગફળીની ખરીદી થાય તેવું આયોજન ગોઠવ્યું છે. વિજયએ નાફેડને અનુરોધ કર્યો કે, સાચા ખેડૂતનો સાચો સારો માલ રહી ન જાય તે માટે નાફેડ સાથ આપે. પાછલા ૩ દિવસમાં રાજ્યમાં ૧૨૨ કેન્દ્રો પરથી ૫૩ હજાર ક્વિન્ટલ થી વધુ મગફળી ખરીદવામાં આવી છે.






અક્ષર નિવાસી નાથાભાઈ છગનભાઈ પટેલની શ્રધ્ધાંજલિ નિમિત્તે તેમના પરિવાર તરફથી સ્વામિનારાયણ મંદિર ચોક મુ. ઉવારસદ ખાતે તા. ૧૭ નવેમ્બર ૨૦૧૮ને શનિવારના રોજ રાત્રે ૮ કલાકે શ્રી ભારતીબાપુની વ્યાસપીઠે સુંદરકાંડના સંગીતમય પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભકતજનોએ મોટી સંખ્યામાં જોડાઈ સુંદરકાંડના પાઠનો લાભ લીધો હતો.

# ગુલાબી ઠંડી: સચિવાલયમાં કર્મચારીઓ અને પુનિત વનમાં ઓફિસરો ફીટનેસ તરફ વળ્યા

## પરેશભાઇ તમે ફિલ્મનો પડદો શોભાવો - ભાજપના નેતાઓ તેમનું ધ્યાન જાતે રાખશે

ગુજરાત સરકારમાં કામ કરતા અધિકારી તેમજ કર્મચારીઓએ શિયાળાની ઠંડીની સિઝનમાં ફરી એકવાર હેલ્થ પર ધ્યાન આપ્યું છે. સચિવાલયમાંઆવેલા ફીટનેસ સેન્ટરોની મુલાકાત લઈને કર્મચારીઓએ કસરત શરૂ કરી છે. કોઈ વહેલા આવે છે અને કોઈ ઓફિસ અવર્સ બાદ આ સેન્ટરોમાં રોકાય છે. બીજી તરફ રાજ્યના ઉચ્ચ અધિકારીઓ કે જેમાં આઈએએસનો સમાવેશ થાય છે તેઓએ સચિવાલયની પાછળ આવેલા વીવીઆપી પુનિત વનની મુલાકાત લેવાનું શરૂ કર્યું છે. જે ઓફિસરો ગાંધીનગર રહે છે તેઓ પુનિત વનમાં રોજ સવારે મોંનિંગ વોક પર નિકળે છે. પુનિત વન એ એવો વિસ્તાર છે કે જે નો પોલ્યુટેડ ઝોનમાં આવે છે. અહીં બીલીપત્ર સહિતના આરોગ્યને લાભ કર્તા ફુલછોડની નિગરાનીમાં તાજી હવાનો અહેસાસ થાય છે. આ પુનિત વન નરેન્દ્ર મોદીએ ગાંધીનગરને આપેલી સૌથી મોટી ગિફ્ટ છે. આ ગાર્ડનમાં ક્યાંય ગંદકી નથી અને તે સૌથી સારો મેન્ટેઈન થાય છે. કેટલાક ઓફિસરો મોંનિંગ અને ઈવનિગ વોક માટે પુનિત વન ઉપરાંત નવસર્જીત સરીતા ઉદ્યાન અને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં પણ જઈ

### ગુજરાતમાં અશ્વની સંખ્યા ઘટી છે પરંતુ અશ્વપાલકોની ખુમારી એવી ને એવી તાજી છે

રહ્યાં છે.

**પરેશભાઇ ફીર એકબાર હેરાફેરી ફિલ્મ શરૂ કરો...**

જાણીતા ચરિત્ર્ય કલાકાર અને અમદાવાદ પૂર્વના સંસદસભ્ય પરેશ રાવલ સાચું બોલ્યા છે. તેમણે કહ્યું છે કે ગુજરાતમાં ભાજપનું સંગઠન નબળું પડ્યુંછે તેથી વડાપ્રધાનને વારંવાર ગુજરાત આવવું પડે છે. ભાજપના વરિષ્ઠ નેતાઓની હાજરીમાં યોજાયેલા એક મિલનમાં પરેશ રાવલે બળાપો કાઢ્યો હતો. તેમણે એવો ગંભીર આક્ષેપ પણ કર્યો હતો કે આપણે માંયકાંગલાં છીએ. આપણા અસ્તિત્વ સામે ખતરો છે. આપણે તો મોદીને કહેવું જોઈએ કે સાહેબ, તમે દેશ સાચવો, ગુજરાતની ચિંતા ન કરો, એ અમે સંભાળી લઈશું. પરેશ રાવલના શબ્દોમાં મોદી ભક્તિ છે પરંતુ તેઓ સાચું બોલી ગયા છે. તેમણે એવો ગર્ભિત ઈશારો પણ કર્યો હતો કે આપણે હિન્દુઓ એક થતા નથી. પરેશ રાવલના આવા શબ્દો સાંભળીને ગુજરાત ભાજપના નેતાઓ સમસમી ગયા છે. પલટવારમાં આ નેતાઓ સોશ્યલ મિડીયામાં કહી રહ્યાં છે કે અમદાવાદમાં આયાતી પરેશ રાવલને તેમના મતદારોની સેવા કરવાનો ક્યારેય સમય મળતો નથી. તેઓ ફોન પણ ઉપાડતા નથી. તેમની ઓફિસમાંથી ગયેલા ભલામણ પત્રો બેકાર જાય છે. ખાનપુરમાં કાર્યાલય શરૂ કર્યા પછી તેઓ આવ્યા નથી. મતદારોને સાચવશો તો તમને મત મળશે, અન્યથા ભાજપમાં બહું કલાકારો ચૂંટણી લડ્યા છે અને મતદારોથી મ્હોં ફેરવી લેતાં હાર્યાના દાખલા છે.

**કોંગ્રેસમાં સિનિયર વર્સિસ જૂનિયર વચ્ચે ફાઇટ...**

રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં કોંગ્રેસે જુગાર ખેલ્યો છે. કોંગ્રેસની સીધી સ્પર્ધા ભાજપ સાથે નથી પરંતુ પાર્ટીમાં સિનિયર વર્સિસ જૂનિયરની લડાઈ છે. કોંગ્રેસના પ્રેસિડેન્ટ રાહુલ ગાંધીએ એક સમયે કહ્યું હતું કે રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં તમને યુવાન મુખ્યમંત્રી મળશે પરંતુ તેમણે રાજસ્થાનમાં ૪૧ વર્ષના યુવા નેતા સચિન પાયલોટની સાથે ૬૭ વર્ષના સિનિયર નેતા અશોક ગેહલોતને મેદાનમાં ઉતાર્યા છે. રાજસ્થાનમાં કોંગ્રેસના બન્ને નેતાઓ ચીફ મિનિસ્ટરના મજબૂત દાવેદારો છે ત્યારે રાજસ્થાનમાં મતદારો અને કાર્યકરોમાં દ્વિધા ઉભી થઈ છે. એવી જ રીતે રાહુલે મધ્યપ્રદેશ માટે




પહેલાં કહ્યું હતું કે અમારા ૪૭ વર્ષના યુવા નેતા જ્યોતિરાદિત્ય સિંધિયા ચીફ મિનિસ્ટરના કેન્ડિડેટ રહેશે પરંતુ અત્યારે મધ્યપ્રદેશમાં સિંધિયાના નામે વોટમાગવામાં આવતા નથી. મધ્યપ્રદેશમાં ૭૧ વર્ષના કમલનાથ પણ ચીફ મિનિસ્ટરના કેન્ડિડેટ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સંભવ છે કે ચૂંટણી જીતવાની આ એક સ્ટેટેજી પણ હોઈ શકે છે. ખુદ કમલનાથે કહ્યું છે કે કોંગ્રેસ જરૂર પડશે તો જ તેના ચીફ મિનિસ્ટરના કેન્ડિડેટ જાહેર કરશે.

**ગુજરાત પોલીસમાં ૧૮૦૦૦ નવી ભરતી કરવી પડે...**

ક્રાઈમ અને પોલીસનો નાતો મહત્વનો છે. ગુજરાતમાં ક્રાઈમ રેટ વધવાનું મુખ્ય કારણ પોલીસ સ્ટાફની ઘટ છે. પોલીસમાં જે ઝૂંબેશ શરૂ કરવામાં આવે છે તેનું બાળમરણ થઈ જવાનું મુખ્ય કારણ પોલીસ સ્ટાફની અછત છે. ગુજરાતના પોલીસ મહેકમને અપડેટ કરવામાં પણ ૧૦ વર્ષનો સમય વિતી ગયો છે. જૂના મહેકમની ખોટ પણ હજી પુરી કરી શકાઈ નથી. ગૃહ વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે ગુજરાતમાં હાલની સ્થિતિએ મહિલા સહિત કુલ ૪૦૦ થી વધુ પોલીસ ઈન્સપેક્ટરની ઘટ છે. રાજ્યના પોલીસ મહેકમમાં કુલ ૧૧ કેટેગરીમાં ૧૮૦૦૦ જેટલા મોટા સ્ટાફની અછત છે.સરકાર દર વર્ષે પોલીસમાં જે સ્ટાફની ભરતી કરે છે તે માત્ર નિવૃત્તિથી ખાલી પડેલી જગ્યાઓ છે. મહેકમ અનુસારનો સ્ટાફ તો ભરવામાં આવતો નથી. હાલની સ્થિતિએ ગુજરાત પોલીસમાં કુલ ૮૦૦૦૦ જેટલી પોલીસની જગ્યાઓ ભરવામાં આવેલી છે જ્યારે મહેકમ પ્રમાણે એક લાખથી વધુ પોલીસ સ્ટાફ ગુજરાતમાં હોવો જોઈએ.

**રાજ્યમાં અશ્વ પાળવાનો શોખ ઓછો થયો નથી...**

ગુજરાતમાં રેસકોર્સની પ્રવૃત્તિઓ ઓછી થઈ છે પરંતુ અશ્વ પાળવાનો શોખ હજી ઓછો થયો નથી. એક સમય હતો જ્યારે ગુજરાતમાં અશ્વ ની સંખ્યાબે લાખને પાર હતી ત્યારે જોગીદાસ ખુમાણ, માલવપતિ મુંજ, જય સોમનાથ, શેઠ ભામાશા, સદેવંત સાવળિંગા, જેસલ તોરલ જેવી ઐતિહાસિક ગુજરાતી ફિલ્મો ઘૂમ મચાવતી હતી. આજે અશ્વની સંખ્યા ઓછી થઈ છે, પરંતુ પાલકોની ખુમારી એવી ને એવી જ છે. ઘોડાની સંખ્યા મોટાભાગેગામડાઓમાં જોવા મળે છે. વર્ષમાં ક્યારેક અશ્વ સ્પર્ધાનું આયોજન થાય છે ત્યારે ઘોડાના શોખિન લોકો જાહેરમાં આવે છે. સરકારી આંકડા પ્રમાણેગુજરાતમાં ઘોડાની સંખ્યા ૧૯૦૦૦ જેટલી છે. ઘોડાના સૌથી વધુ શોખિન લોકો કચ્છમાં છે. કચ્છમાં મૂલ્યવાન

### કોંગ્રેસનો ખેલ બગડ્યો-- સિનિયરો છૂટતા નથી અને યુવા નેતાઓને તક મળતી નથી

૨૨૦૦ જેટલા અશ્વ પાળેલા છે. રાજયમાં૧૮૦૦ અશ્વ સુરેન્દ્રનગરમાં, ૧૬૦૦ ભાવનગરમાં, ૧૩૦૦ રાજકોટમાં અને ૧૩૦૦ અમરેલીમાં છે. એકલા અમદાવાદ જિલ્લામાં ઘોડાની સંખ્યા ૧૩૦૦ જેટલીથાય છે. મહત્વની બાબત એ છે કે રાજયના તમામ જિલ્લામાં અશ્વની હાજરી નેંધાયેલી છે.

**ગુજરાતના બાળકોમાં ગંભીર રોગ વધતા જાય છે...**

ગુજરાતમાં ફરી એકવાર સ્કૂલ આરોગ્ય તપાસણી ઝૂંબેશ શરૂ થઈ રહી છે ત્યારે બહાર આવેલી હકીકત પ્રમાણે બાળકોમાં ગંભીર પ્રકારના રોગ જોવા મળ્યા છે. ગંભીર એટલે એવા રોગ છે કે જેની સમયસર સારવાર ન થાય તો સમય જતાં ઘાતક નિવડે છે. છેલ્લા બે વર્ષના આંકડા ચોંકાવનારા છે અને આ ગંભીર રોગના બાળદર્દીઓમાં વધારો થયો છે. ૨૦૧૬ની આરોગ્ય તપાસણી ઝૂંબેશમાં બાળકોને હદયરોગ હોવાના ૬૨૭૫ કેસ, કિડની રોગના ૧૫૫૮ કેસ અને કેન્સરના ૧૦૫૨ કેસ સહિત કુલ ૮,૮૮૫ કેસો નોંધાયા હતા. આ કેસોની સંખ્યા ૨૦૧૭ના વર્ષમાં વધી છે. ૨૦૧૭ની સ્કૂલ આરોગ્ય તપાસણી ઝૂંબેશમાં હદયરોગના ૮૧૭૭ કેસ, કિડની રોગના ૨૩૫૫ કેસ અને કેન્સરના ૧૦૧૪ કેસ સહિત કુલ ૧૧,૫૪૬ કેસો નોંધાયા હતા. એટલે કે સ્કૂલે જતા બાળકોમાં આ ત્રણ પ્રકારના ગંભીર રોગના દર્દીઓની સંખ્યા બે વર્ષમાં ૨૦,૪૩૧ થઈ છે. આ બાળ દર્દીઓને સરકારનો આરોગ્ય વિભાગ વિનામૂલ્યે સારવાર આપી રહ્યો છે.